પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૮૦ | ૨૨ ડિસેમ્બર, ૨૦૨૧, બુધવાર; માગશર વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ગૌણ સેવાની હેડ ક્લાર્કની પરીક્ષા રદ

**માર્ચમાં પુનઃ પરીક્ષા લેવાશે : ગૌણ સેવાની ૧૨ ડિસેમ્બરની પરીક્ષાનું પેપર ફૂટ્યું હતું : પેપર લીક કાંડમાં તમામ આરોપીની ધરપકડ થઈ ચુકી છે, ગૌણ સેવા પસંદગી મંડળની ભૂલ હશે તો તેની સામે પણ પગલાંની ખાતરી અપાઈ**

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૧૨ ડિસેમ્બરના રોજ લેવામાં આવેલી હેડ કલાર્કની પરીક્ષાનું પેપર ફૂટ્યું હતું. ત્યારબાદ ગૃહ રાજ્યમંત્રીએ પણ પેપરલીક થયું હોવાનો સ્વીકાર કર્યો હતો અને મંગળવારે ફરી હર્ષ સંઘવીએ પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું કે, પેપર લીક કાંડમાં તમામ આરોપીની ધરપકડ થઈ ગઈ છે. તેમજ વિદ્યાર્થીઓના હિતમાં હેડ ક્લાર્કની પરીક્ષા રદ કરવામાં આવે છે. આ પરીક્ષા માર્ચમાં ફરીથી લેવાશે. તેમણે એમ પણ જણાવ્યું કે, જો ગૌણ સેવા પસંદગી મંડળની ભૂલ હશે તો તેની સામે પણ પગલાં લેવામાં આવશે. ગમે તે અધિકારીની ભૂલ સામે આવશે તો તેની સામે પગલાં લેવામાં આવશે. હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યું કે, પેપર લીક કાંડમાં સામેલ તમામ ૧૪ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. અને આરોપીઓને સજા કરવા માટે ફાસ્ટટ્રેક કોર્ટમાં કેસ ચલાવવામાં આવશે અને તેમને

● અનુસંધાન પાન-૭ પર

## પેપર લિક કેસમાં ભાગેડૂ જયેશ પટેલની ધરપકડ

**૨ પરીક્ષાર્થીની પણ ધરપકડ કરવામાં આવી, ત્રણ આરોપીના ચાર દિવસનાં રિમાન્ડ મંજૂર કરાયા**

હિંમતનગર , તા. ૨૧

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાયેલી હેડકલાર્ક પેપર લીક કેસમાં ભાગેડુ આરોપી જયેશ પટેલની પોલીસે ધરપકડ કરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લા પોલીસ વડાએ પ્રેસ કોન્ફરન્સ કરીને આ અંગે માહિતી આપી હતી. તેમના જણાવ્યા અનુસાર ૨ પરીક્ષાર્થી પણ ધરપકડ કરવામાં આવી છે. પકડાયેલા બંને પરીક્ષાર્થી હિંમતનગરના હોવાનું સામે આવ્યું છે. પોલીસ વડા નિરજ બડગુજરે પ્રેસ કોન્ફરન્સ કરીને જણાવ્યું હતું કે, પેપર લીક માટે ૧૨ લાખ રૂપિયામાં ડીલ થઈ હતી, પરંતુ પેપર લેનાર વ્યક્તિએ પૈસાની ચૂકવણી કરી ન હતી. પેપર લીક કેસ મામલે આરોપીઓના નામ સામે આવતા જ જયેશ પટેલ સાબરકાંઠા છોડીને ભાગી ગયો હતો. જો કે, હવે તેની પોલીસ દ્વારા ધરપકડ કરી લેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, ગૌણ સેવા પસંદગીના પેપર લીક મામલે અમદાવાદથી ઝડપી પાડેલા વધુ ૩ આરોપીને ગાંધીનગર પોલીસ દ્વારા ૧૪ દિવસના રિમાન્ડની માંગ સાથે પ્રાંતિજ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં સરકારી વકીલ અને આરોપીઓના વકીલ વચ્ચે દલીલો થયા બાદ કોર્ટ દ્વારા આગામી ૨૪ ડિસેમ્બરના બપોરના ૩ વાગ્યા સુધી ૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

## ભારત વિરોધી પ્રચાર કરતી ૨૦ યુટ્યુબ ચેનલ પર પ્રતિબંધ

**તમામ ૨૦ યુટ્યુબ ચેનલ્સ પાકિસ્તાનથી સંચાલિત થતી હતી : ભારત સરકારના આદેશ બાદ યુટ્યુબનાં પગલાં**

નવી દિલ્હી, તા.૨૧

ગૂગલની માલિકીના વીડિયો સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ યુટ્યુબે મહત્વની કાર્યવાહી અંતર્ગત ભારતવિરોધી પ્રચાર કરતી ૨૦ યુટ્યુબ ચેનલ્સ પર પ્રતિબંધ મુક્યો છે. ભારત સરકારના સૂચના અને પ્રસારણ મંત્રાલયના આદેશ બાદ યુટ્યુબ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. જોકે હજુ સરકાર દ્વારા આ કાર્યવાહી અંગેની કોઈ સત્તાવાર પૃષ્ટિ નથી કરવામાં આવી. આઈટી એક્ટ ૨૦૨૧ અંતર્ગત આ પ્રથમ મોટી કાર્યવાહી થઈ છે. ૨૦ યુટયુબ




ચેનલ્સ ઉપરાંત ૨ વેબસાઈટ્સ પર પણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. રિપોર્ટ પ્રમાણે આ તમામ ૨૦ યુટ્યુબ ચેનલ્સ પાકિસ્તાનથી સંચાલિત થતી હતી અને ૨ વેબસાઈટ પણ પાકિસ્તાનથી જ ઓપરેટ થતી હતી. સૂચના અને પ્રસારણ મંત્રાલય તથા ટેલિકોમ વિભાગના અધિકારીઓના કહેવા પ્રમાણે આ ચેનલ્સ અને વેબસાઈટની મદદથી પાકિસ્તાનની ઈન્ટર સર્વિસીઝ ઈન્ટેલિજન્સ ભારતવિરોધી પ્રચાર કરતા હતા. અધિકારીઓના કહેવા પ્રમાણે આ ચેનલમાં એક ’નયા પાકિસ્તાન’ નામની ચેનલ પણ હતી જેના આશરે ૨ મિલિયન સબસ્ક્રાઈબર્સ હતા. તે ચેનલ કૃષિ કાયદા વિરૂદ્ધ અને અયોધ્યાથી લઈને કાશ્મીર અંગે બોગસ સમાચારો ચલાવતી હતી. નવા આઈટી કાયદા પ્રમાણે પહેલી વખત ઈમરજન્સી સ્થિતિમાં સ્પેશિયલ પાવરનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને આ ચેનલ્સ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. પ્રતિબંધ મુકવામાં આવ્યો તે પૈકીની ૧૫ ચેનલ્સનું સ્વામીત્વ ’નયા પાકિસ્તાન’ ગ્રુપ પાસે છે.

## દેશમાં કોરોનાથી મૃત્યુનો આંક ત્રણ ગણો વધી ગયો

**ઓમિક્રોન વેરિયન્ટે ફરી ચિંતામાં વધારો કર્યો : છેલ્લા ૨૪ કલાકમાં કોરાનાથી ૪૫૩ લોકોનાં મોત**

નવી દિલ્હી, તા.૨૧

ઓમિક્રોનના જોખમ વચ્ચે કોરોનાએ ફરી એક વખત ચિંતામાં વધારો કર્યો છે. હકીકતે છેલ્લા ૨૪ કલાકમાં મૃતકોની જે સંખ્યા સામે આવી છે તે સોમવારની સરખામણીએ ૩ ગણાથી પણ વધુ છે. સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા મંગળવારે બહાર પાડવામાં આવેલા આંકડાઓ પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના ૫,૩૨૬ નવા કેસ સામે આવ્યા છે. આ દરમિયાન ૪૫૩ લોકોના મોત થયા છે જે સોમવારની સરખામણીએ ૩ ગણાથી પણ વધારે છે. જોકે આ દરમિયાન ૮,૦૪૩ લોકો સ્વસ્થ પણ થયા છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૩,૪૧,૯૫,૦૬૦ દર્દીઓ સ્વસ્થ થઈ ચુક્યા છે. દેશમાં હાલ સક્રિય દર્દીઓની સંખ્યા ૭૯,૦૯૭ છે. જ્યારે કુલ મૃતકઆંક વધીને ૪,૭૮,૦૦૭ થઈ ગયો છે.

## મતદાર ઓળખકાર્ડ સાથે આધારને જોડતું બિલ રાજ્યસભામાં પાસ

**અગાઉ આ બિલ લોકસભામાં પાસ થઈ ગયું છે : લોકસભામાં બાળ વિવાહ નિષેધ બિલ, ૨૦૨૧ રજૂ, વિપક્ષોના હંગામાં વચ્ચે સદનની કાર્યવાહી સ્થગિત કરાઈ**

નવી દિલ્હી, તા.૨૧

વિપક્ષના હંગામા વચ્ચે મંગળવારે રાજ્યસભામાં પણ ચૂંટણી સુધારા બિલ ૨૦૨૧ પાસ થઈ ગયું છે. અગાઉ આ બિલ લોકસભામાં પાસ થઈ ચુક્યું છે. કાયદા અને ન્યાય મંત્રી કિરણ રિજિજૂએ ઈલેકશન લો (અમેન્ડમેન્ટ) બિલ, ૨૦૨૧ને ચર્ચા અને પાસ કરવા માટે રાજ્યસભામાં રજૂ કર્યું હતું. આ બિલમાં આધાર કાર્ડને મતદાર ઓળખકાર્ડ સાથે જોડવાની વાત કરવામાં આવી છે. જોકે વિપક્ષ તેનો વિરોધ કરી રહ્યું છે.

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાનીએ આજે લોકસભામાં બાળ વિવાહ નિષેધ (સંશોધન) બિલ, ૨૦૨૧ રજૂ કર્યું હતું. આ બિલમાં યુવતીઓની લગ્નની ઉંમર ૧૮ વર્ષથી વધારીને ૨૧ વર્ષ કરવા માટેની જોગવાઈ છે. જોકે વિપક્ષના ભારે હંગામાના કારણે લોકસભાની કાર્યવાહી બુધવારે સવારના ૧૧:૦૦ વાગ્યા સુધી સ્થગિત કરવી પડી હતી.

દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



શ્રી કિર્તીભાઈ વિઠ્ઠલદાસ સુખડીયા





શ્રી ચેતનભાઈ ચંદ્રકાન્તભાઈ સુખડીયા

નિકુંજ વાસ : ૨૨-૧૨-૨૦૧૯

તમે એક પલમાં જીંદગીનું સંભારણું બની ચાલ્યા ગયા, જીંદગી હતી ટૂંકી છતાં લાગણી ઘણી મુકી ગયા,
જીવ્યા થોડું પણ જીતી ગયા ઘણું, હસીને હસાવનાર અમોને રડાવી ચાલ્યા ગયા.

મરણ અહીં છો રહ્યું, સ્મરણમાં વહે જીંદગી

ચિર શાંતિ માટે પરમ તત્વને પ્રાર્થના

॥ જય શ્રી રાધે ॥

SINCE 1977 વૃન્દાવન Vraj ni Madhurta

વિઠ્ઠલદાસ પિતાંબરદાસ સુખડીયા પરિવાર

SINCE 1977 વૃન્દાવન Vraj ni Madhurta